**CRMA J 34 / 2026**

**માણસા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–૧૧૨૧૬૦૦૯૨૬૦૦૧૯/૨૦૨૬ ના કામે મુદ્દામાલ અન્વયે વચગાળાનો કબજો મેળવવાની અરજી લગત હુકમ.**

---------------------------------------------

**અરજદાર** : **આરતીબેન જીજ્ઞેશકુમાર રાવળ**
**ઉ.વ.– ૨૬ , ધંધો– ઘરકામ ,**
**રહે– રાવળ વાસ પશુ દવાખાના પાસે,**
**મુ.તા.માણસા, જી.ગાંધીનગર**

**વિરૂધ્ધ**

**સામાવાળા** : **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી : આર. એમ. ભટ્ટ**

**સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એ. આર. ભટ્ટ**

**બાબતઃ– ભારતીય ન્યાય સુરક્ષા સંહીતાની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી.**

**::– ચુકા દો –::**

**૧..** આ કામે અરજદારની હાલની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, તેમની માલીકી કબજા ભોગવટાનો **મોબાઇલ પુજારા ટેલીકોમ પ્રા લી. માણસા માંથી લીધેલ છે જેનો ઇનવોઇસ નં.એસઆઇ/એમએપીએસ/૩૪૬ તારીખ ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ લીધેલ છે. જે F**21 **PRO** (2363) 8/128 **GB COSMIC BLACK : OPPO : MOBILE PHONE, IMEI NO**. 867096057593592 **નો ધરાવે છે.** જે માણસા પોલીસ સ્ટેશનના ગુના રજી.ન. ૧૧૨૧૬૦૦૯૨૬૦૦૧૯/૨૦૨૬ ના કામે પ્રોહી. એકટ કલમ ૬૫(એ), ૬૫(ઇ), ૮૧ મુજબ ગુનાના કામે તપાસ કરનાર અધિકારીએ કબજે કરેલ છે. જો મોબાઇલ વધુ સમય સુધી બંધ હાલતમાં પડી રહે તો તેના બોડી, બેટરી, ને નુકશાન થાય તેમ છે, જેથી સદર મુદ્દામાલ તેમને યોગ્ય શરતોએ પરત આપવા અરજ ગુજારેલ છે.

૨.. આ કામે અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં આધારકાર્ડની ઝેરોક્ષ, એફ.આઈ.આરની ઓનઈલાઈન કોપી, મોબાઈલ બીલની કોપી રજૂ છે.

૩.. આ કામે સામાવાળાને નોટીસ કરતાં સામાવાળા તરફે પો.ઈ, ચાંદખેડા પો.સ્ટે. નાઓએ સદર મુદ્દામાલ પરત નહીં સોંપવાનો અભિપ્રાય આપેલ છે.

૪.. હાલની અરજી, પોલીસનો અભિપ્રાય અને આ કામે રજૂ તમામ આધારો વંચાણે લીધા અને હાલની અરજી સંદર્ભે અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા તેમજ વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ઉપરોકત તમામ હકીકતો લક્ષ્યમાં લેતાં, સદર મુદ્દામાલ મોબાઈલના અરજદાર માલિક હોવાનું પ્રથમદર્શનીય રીતે હાલના તબકકે જણાઈ આવે છે, તેવા સંજોગોમાં આ કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૪૯૭ હેઠળ મુદ્દામાલની વચગાળાની કસ્ટડી અંગે નિર્ણય કરવા કેસના ગુણદોષમાં ઉંડે ઉતરવું જરૂરી નથી. તે સંજોગોમાં જો કેસ ચાલવામાં વિલંબ થાય અને લાંબો સમય મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પડી રહે તો મુદ્દામાલ વગર અરજદારને તકલીફ પડે તેમ છે તેમજ મુદ્દામાલને પણ નુકશાન થાય તેમ છે તથા નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા જી.એલ.એચ.૨૦૦૩(૧), પાના નં.૩૦૭, સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અને માર્ગદર્શન અનુસાર ન્યાયના વિશાળ હિતમાં અરજદારની આ અરજી મંજુર રાખી સદરહુ મુદ્દામાલની કસ્ટડી યોગ્ય રકમના બોન્ડ ઉપર યોગ્ય શરતોએ અરજદારને આપવામાં આવશે તો ન્યાયનું હિત જળવાશે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

અરજદાર **આરતીબેન જીજ્ઞેશકુમાર રાવળ ઉ.વ.–૨૬ , ધંધો– ઘરકામ , રહે– રાવળ વાસ પશુ દવાખાના પાસે, મુ.તા.માણસા, જી.ગાંધીનગર** નાઓને **મુદ્દામાલની**

**કિંમતના દોઢી રકમના બોન્ડ તથા તેટલી જ રકમના સધ્ધર જામીન** આપેથી માણસા પોલીસ સ્ટેશન **ગુ.ર.નં.૧૧૨૧૬૦૦૯૨૬૦૦૧૯/૨૦૨૬** મુજબના ગુનાના કામે કબજે લીધેલ મુદ્દામાલ **F21 PRO** (2363) 8/128 **GB COSMIC BLACK : OPPO : MOBILE PHONE, IMEI NO**. 867096057593592 **નો ધરાવે છે.** જે મુદ્દામાલ મૂળ કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી નીચેની શરતોને આધિન આ કામના અરજદારને પરત સોંપવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

<u>-: શરતો :-</u>

૧. અરજદારે મુદ્દામાલના સ્વરૂપમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવો નહી અને મુદ્દામાલની યથાવત સ્થિતિ જાળવી રાખવાની રહેશે.

૨. અરજદારે મુદ્દામાલ ગીરો, વેચાણ, બક્ષીસથી કે અન્ય કોઈ પણ રીતે ત્રાહિત વ્યકિતને ટ્રાન્સફર કરવુ નહી કે ત્રાહિત વ્યકિતના કબજામાં સોંપવુ નહી.

૩. અરજદારે મુદ્દામાલ નામદાર કોર્ટને જરૂર પડે અને ફરમાવે ત્યારે અને ત્યાં રજૂ રાખવાનું રહેશે.

૪. સદર મુદ્દામાલના બે વર્તમાન ફોટા પો.સ્ટે.માં આપવા.

બોન્ડ માણસા પોલીસ સ્ટેશનમાં આપવા.

- હુકમ આજ તારીખ : ૩ જી જુલાઇ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૩-૦૭-૨૦૨૬**

**સ્થળ : માણસા.**

**(સૌમ્યા રાચ)**
**પ્રિન્સીપાલ સિવીલ જજ અને**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,ફ.ક.,**
**માણસા, જી.ગાંધીનગર.**